Extra No. 385

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

## [PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI ] MONDAY, NOVEMBER 3, 2025 / KARTIKA 12, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

# PART -I

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**વંચાણે લીધા:**

(૧) ઈ.ચા.પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક: LIB/જાહેરનામું/૧૯૯૭/૨૦૨૫, તા.૨૭.૧૦.૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) નો ખંડ (ખ)

**જાહેરનામું**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) નો ખંડ (ખ) અન્વયે**

નં.એમ.એ.જી/જાહેરનામું/વશી/૮૬૩/૨૦૨૫.–શામળાજી ખાતે જગત પ્રસિધ્ધ વિષ્ણુ ભગવાનનું પૌરાણિક મંદિર આવેલ છે. જે મંદિર ગુજરાત તેમજ રાજસ્થાનના લોકોની આસ્થાનું કેન્દ્ર છે. તેમજ આ મંદીર નેશનલ હાઈવે નં.૪૮ની નજીક આવેલ હોઈ અલગ-અલગ રાજ્યના લોકો દર્શનાર્થો આવતા હોય છે. જેથી શામળાજી ખાતે આવેલ શામળીયા ભગવાન (વિષ્ણુ ભગવાનજી) ના મંદિરમાં દર પુનમ નિમિત્તે તથા મેળાના દિવસે તથા તુલસી વિવાહમાં ભારે સંખ્યામાં દર્શનાર્થી દર્શન અર્થે આવતાં હોઈ તે દિવસ દરમ્યાન શામળાજી સી.એચ.સી ડીપ સુધીના વિસ્તારમાં નાના-મોટા ફેરીયાઓ તેમજ દર્શનાર્થીઓ ચાલતા આવતાં જતાં હોવાના કારણે ખુબજ વધુ પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે. તે સિવાયના નાના વાહન ચાલકો પોતાના વાહન ડુંગરની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરતા હોય છે તેમજ ડુંગર પાસે આવેલ પાર્કીંગની જગ્યા ઓછી હોઈ વાહન ચાલકો પોતાના વાહન રોડની સાઈડમાં પાર્ક કરી જતાં રહેતાં હોય છે. જેથી મોટા વાહનો આ સર્વિસ રોડ ઉપર આવન જાવન કરે તે વખતે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, જેથી દર્શનાર્થીઓને આ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે તેમજ ક્યારેક સુરક્ષાની રીતે મહત્વના પદાધિકારીશ્રીઓ પણ કોન્વોય સાથે મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી તમામ બસોને કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી હોય તેઓને શામળાજી સી.એચ.સી બ્રિજ ઉપર (નેશનલ હાઇવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી તરફ આવવા સારૂ તેમજ શામળાજી એચ.જી. વિધાલય સર્વિસ રોડ થઈ શામળાજી આવવા તેમજ રતનપુર તરફથી આવતી બસો કે જે હિંમતનગર, રૂટ તરફ જનાર હોય તેઓને સી.એચ.સી. તરફ ન જવાની સમજ કરી તેઓને એચ.જી.વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થઈ બસ લઈ જવા સારૂ. તા.૦૨.૧૧.૨૦૨૫ના સવારના ૦૫-૦૦ કલાક થી તા.૦૫-૧૧-૨૦૨૫ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કુલ દિન-૪ (ચાર) માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧) નો ખંડ (ખ) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ઈ.ચા.પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસા દ્વારા દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા, સને ૧૯૫૧ ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)ના ખંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા.૦૨.૧૧.૨૦૨૫ના ૦૫-૦૦ કલાક થી તા.૦૫-૧૧-૨૦૨૫ના રોજ ૨૪-૦૦ કલાક સુધી દિન-૪ (ચાર)નું શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી બસો માટે નીચે મુજબ ડાઈવર્ઝન આપવા ફરમાવું છું.

**હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી બસો માટે**

(૧) શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી એસ.જી. વિધ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી તરફ આવવા

**રતનપુર તરફથી આવતી બસો માટે**

(૧) હિંમતનગર રૂટ તરફ જનાર બસો સી.એચ.સી. તરફ ન જતા એચ.જી. વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) તરફ જવા સારૂ

વધુમાં, ટ્રાફીક નિયમન થાય તે માટે વોકી ટોકી સેટ સાથે ટ્રાફીકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફીક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફીક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફીક પોઇન્ટ નિયત કરી ટ્રાફીક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ -૧૩૧ હેઠળ તેમજ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની, કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૩૦મી ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ડી. વી. મકવાણા**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

-----------------------

**વંચાણે લીધા:-**

(૧) ઈ. ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના પત્ર ક્રમાંક:એલઆઈબી/કા.પુનમ-મેળા/ જાહે./૧૭૦૨/૨૫, તા.૨૯.૧૦.૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩(૧)

## જાહેરનામું

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૪૩(૧) જોગવાઈઓ અન્વયેનું.**

નં.પી.ઓ.એલ/જાહેરનામું/શામળાજી-૪૩(૧)વશી/૮૬૭/૨૦૨૫.– અરવલ્લી જિલ્લાના શામળાજી મુકામે તા.૦૩.૧૧.૨૦૨૫ થી તા.૦૫. ૧૧.૨૦૨૫ સુધી કાર્તિકી પૂર્ણીમાનો મેળો યોજાનાર છે. આ લોક મેળામાં ગુજરાત રાજ્ય તેમજ પડોશી રાજ્ય રાજસ્થાનમાંથી મોટી સંખ્યામાં સ્ત્રી-પુરૂષો ધાર્મિક વિધિ માટે એકઠા થનાર છે. આ મેળામાં શામળાજી પાસે આવેલ મેશ્વો નદીના તટ પર "નાગધરા" નામે પ્રખ્યાત કુંડ આવેલ છે. જેમાં સ્ત્રી/પુરૂષ/બાળકોને વળગેલ વળગાડ "નાગધરા" માં સ્નાન કરવાથી દૂર થવાની માન્યતા બહુપ્રચલિત છે. આ "નાગધરા" નામે પ્રખ્યાત કુંડમાં સ્નાન કરતા સ્ત્રી/પુરૂષોને જોવા માટે મેળામાં મોટી સંખ્યાની જનમેદની એકત્રીત થાય છે. જેથી કોઈ અઘટિત બનાવ ન બને તે સારૂ જી.પી.એક્ટની કલમ-૪૩(૧) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા ઈ.ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું ડી. વી. મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૪૩(૧)થી મળેલ સત્તાની રૂએ શામળાજી ખાતે ગામના રહીશો અને મેળામાં આવનાર દરેક વ્યક્તિઓને મેળો પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું.

(૧) મેશ્વો નદી બે ભાગમાં વહેચવામાં આવશે. ઉપલા ભાગમાં એટલે કે, શામળાજી મંદિર તરફનું પાણી વૈકલ્પિક વ્યવસ્થા ન હોય તો પીવા માટે ઉપયોગમાં લેવું અને નીચેના ભાગનું પાણી ન્હાવા, ધોવા વિગેરેના ઉપયોગમાં લેવું. ગ્રામપંચાયત શામળાજી અને પાણી પુરવઠા બોર્ડએ સંકલનમાં રહી સ્વચ્છ શુધ્ધ પીવાના પાણીની વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) કોઈ પણ વ્યક્તિએ પીવાના પાણી માટે નકકી કરેલ જગ્યાઓ ઉપર પોતાના વાસણથી પાણી ભરવું નહીં, પરંતુ મજકુર જગ્યાએ મુકવામાં આવેલ ડોલ કે અન્ય પાત્રથી પાણી ભરવું.

(૩) મેશ્વો સરોવરના કાંઠેથી ઉત્તરી ભાગમાં સરોવરમાં ન્હાવા, ધોવા કે અન્ય રીતે પાણીનો ઉપયોગ કરવો નહીં.

(૪) મંદિરના કુવામાં તેમજ પાણી ભરવાના બીજા કુવામાં ગ્રામ પંચાયતે જરૂરી દવા નાખવી તથા કાદવ કીચડવાળી જગ્યાએ દવા છાંટવી.

(૫) મેળામાં જે સ્થળ નક્કી કરવામાં આવેલ છે અને મેળો જે જગ્યાએ ભરાય છે તે જગ્યામાં કે તેની નજીક કોઇ પણ વ્યક્તિ ગંદકી કરી શકશે નહીં.

(૬) સડી ગયેલા ફળો તેમજ મનુષ્યને ઉપયોગમાં લેવા માટે લાયક ન હોય તેવા ખોરાક તેમજ પીણાં વેચવા નહી અને જો આ પ્રકારના સડી ગયેલા ફળો, ખોરાક તથા પીણાં જોવા મળે તો હાજર રહેલા સેનેટરી ઇન્સ્પેકટર તેમજ ફરજ બજાવતા પોલીસ કર્મીઓ નાશ કરી શકશે.

(૭) ફરજ ઉપર હાજર રહેલા સેનેટરી ઇન્સ્પેકટરો દ્વારા હોટલ/લોજના માલિકોને તથા બીજા દુકાનદારોને અપાયેલ ચોખ્ખાઈ, તંદુરસ્તીને લગતી તથા અન્ય સુચનાઓનો ઉપર દર્શાવેલ એકમોના માલીકોએ તાત્કાલિક અમલ કરવાનો રહેશે.

(૮) મેળામાં આવનાર દરેક વ્યક્તિ શારીરિક તપાસને પાત્ર રહેશે અને કોઈ વ્યક્તિને પ્લેગ, બળીયા, કોલેરા અગર બીજા કોઈ ચેપી રોગો થયેલા જણાશે તો તેને ત્યાંથી તુર્ત જ જુદા રાખવામાં આવશે અથવા તેઓએ મેળાનું સ્થળ તાત્કાલિક છોડી દેવું પડશે.

(૯) કોઈ પણ વ્યક્તિએ વાવમાંથી પાણી ભરવા વાવમાં ઉતરવું નહીં.

(૧૦) મેળામાં નાગધરાના સ્થળે બહેનો સ્નાન વિધી સવારના ૬-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી કરી શકશે. આ સિવાયના સમયે આ સ્થળે બહેનો સ્નાન કરી શકશે નહીં.

(૧૧) ઉપરોકત સ્નાન વિધીમાં પુરૂષો તેમજ સ્ત્રીઓએ અલગ-અલગ નક્કી કરેલા સ્થળોએ સ્નાન વિધી કરવાની રહેશે. જેમાં સ્ત્રીઓ માટે નક્કી કરેલા વિભાગમાં કોઇ પુરૂષ પ્રવેશ કરી શકશે નહીં. બહેનો તેમની સાથે તેમના નાની ઉમરના બાળકોને લઇ જઇ શકશે.

(૧૨) સ્નાન વિધી દરમિયાન મહિલાઓની ફોટોગ્રાફી/વીડીયોગ્રાફી/મોબાઈલ ફોટોગ્રાફી રેકોર્ડીંગ કરી શકશે નહીં અને સ્નાન વિધીના સ્થળે કેમેરા અથવા વીડીયો ગ્રાફીના સાધનો કે તેવી સુવિધાયુકત મોબાઇલ ફોન લઈ જઈ શકશે નહીં.

**શિક્ષા:-**

ઉપરોકત બતાવેલ નિયમોનો કોઈ પણ વ્યક્તિ ભંગ કરશે તો ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૯ મુજબની શિક્ષાને પાત્ર રહેશે. આ જાહેરનામા અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા, ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૯ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

**સમયગાળો:-**

આ જાહેરનામું તા.૦૩.૧૧.૨૦૨૫ના ૦૦-૦૦ કલાકથી તા.૦૫.૧૧.૨૦૨૫ના ૨૪-૦૦ કલાક સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૩૦મી ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

**ડી. વી. મકવાણા**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

-----------------------

Government Press & Stationery, Vadodara.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.19 17:41:53 IST